ગાંધીનગર સિવિલમાં પણ મ્યુકર માઈકોસિસના ૭ દર્દીઓની સર્જરી કરાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મ્યુકર માઈકોસિસના દર્દીઓની સારવાર માટે નવો વોર્ડ ઉભો કરાયો છે. આ વોર્ડમાં હાલમાં અંદાજીત ૩૫ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા નિષ્ણાંત તબિબો દ્વારા મ્યુકર માઈકોસિસના પ્રારંભિક તબક્કાના ૭ જેટલા દર્દીઓની જટીલ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી છે.

રાજયમાં કોરોના બાદ મ્યુકર માઈકોસિસનો કહેર વધી રહ્યો છે. દેશમાં સૌથી વધુ કેસ ગુજરાતમાં જોવા મળી રહ્યા છે. ત્યારે આ રોગના ઈન્જેંકશનની અછત વર્તાઈ છે.જયારે મ્યુકર માઈકોસિસને બ્લેક ફંગલથી પણ જાણીતો થયો છે. આ રોગના દર્દીઓમાં દિન પ્રતિદિન વધારો જોવા મળતા શહેરીજનોમાં ડર જોવા મળી રહ્યો છે. ખાનગી અને સરકારી હોસ્પિટલમાં પણ મ્યુકર માઈકોસિસના ઈન્જેકશનની અછત જોવા મળે છે. સૌ કોઈ નાગરીકને આ રોગનો ભય સતાવી રહ્યો છે. સરકારી તંત્રએ પણ મ્યુકર માઈકોસિસને મહામારી જાહેર કરી છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ કોરોના કેસ ઘટવા લાગ્યા છે, પરંતુ મ્યુકર માઈકોસિસના દર્દીઓ વધતા જોવા મળી રહ્યા છે.

સિવિલ તંત્ર દ્વારા ઉભા કરાયેલા વોર્ડમાં ૩૫ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાં સારવાર લઈ રહેલા દર્દીઓનું નિયમિત તપાસ થાય છે. જયારે અન્ય હોસ્પિટલમાંથી સારવાર કરાવીને આવેલા દર્દીઓનું પણ ખાસ સંભાળ લેવામાં આવે છે. ત્યારે શહેરની સિવિલમાં મ્યુકર માઈકોસિસની સારવાર લઈ રહેલા ૭ જેટલા દર્દીઓની નિષ્ણાંત તબિબો દ્વારા સર્જરી કરવામાં આવી છે.



કાદવની મલીનતા ધોવાય તેવી મેઘવર્ષાના 'કમળ'ને ઓરતાં....!!

પાટનગરની સુંદરતાનો આભાર મુલાકાતીઓને પ્રવેશદ્વારે જ કરાવી દેતો સુંદર નજારો ચ-૦ સર્કલે ખીલેલા નયનરમ્ય કમળના ફુલોથી સર્જાઈ રહ્યો છે. આમ તો અત્યારે 'કમળ' અને 'કાદવ' વચ્ચેની ભેદરેખા અત્યંત પાતળી થઈ રહી છે અને 'કાદવ'થી ખરડાઈ રહેલાં 'કમળ'ને પણ કદાચ તેની મલીનતા ધોવાય તેવી ચમત્કારિક મેઘવર્ષાની તાલાવેલી લાગેલી છે પરંતુ હાલ તો તેના નસીબમાં વણનોતર્યા વાવાઝોડાં જ ફુંકાઈ રહ્યા છે, ઉમળકા ભરેલી ઊષાના ઓરતાં પુરા કરવા કદાચ હવે 'કમળે' નવેસરથી ખીલવાનો ઉપક્રમ કરવો પડશે તેવું જણાય છે.

દેશવ્યાપી "આયુષ કોવિડ-૧૯ કાઉન્સેલિંગ હેલ્પલાઈન" કાર્યરત

આ હેલ્પલાઇનનો ટોલ ફ્રી નંબર ૧૪૪૪૩ સપ્તાહના સાતેય દિવસ સવારે ૬ થી રાત્રે ૧૨ કલાક સુધી કાર્યરત રહેશે

ગાંધીનગર, તા. ૨૨

કોવિડ-૧૯ ને કારણે સર્જાયેલી સમસ્યાઓ, પોસ્ટ કોવિડ માટે આયુષ આધારિત ઉપાય માટે કેન્દ્રના આયુષ મંત્રાલય દ્વારા સમાજને મદદરૂપ વિશેષ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. આયુષ હેલ્પલાઈન માટે ટોલ ફ્રી નંબર ૧૪૪૪૩ છે જે સપ્તાહના સાતેય દિવસ સવારે ૬ થી રાત્રે ૧૨ કલાક સુધી કાર્યરત રહેશે. એમ આયુષ નિયામકની યાદીમાં જણાવાયુ છે.

યાદીમાં વધુમા જણાવાયાનુસાર આ ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૪૪૪૩ દ્વારા આયુષના તમામ અલગ અલગ વિષય નિષ્ણાતો નાગરિકોના સામાન્ય પ્રશ્નોના ઉકેલ માટે ઉપલબ્ધ રહેશે. જેમાં નાગરીકો હેલ્પલાઈન થકી આયુર્વેદ, હોમિયોપેથી, યોગ, નૈસર્ગિક ઉપચાર (નેચરોપેથી), યુનાની અને સિદ્ધા માટે માર્ગદર્શન મેળવી શકશે. જેમાં નિષ્ણાતો દ્વારા નાગરીકો તેમજ દર્દીઓને માત્ર ઉપાય કે અનુકૂળ ઈલાજની સાથે સાથે તેમની નજીકમાં ઉપલબ્ધ આયુષ કેન્દ્રોની માહિતી પણ પૂરી પાડશે, આ સાથે ગુજરાત સરકારના આયુષ પ્રભાગ દ્વારા કોરોનાની શરૂઆત (એપ્રિલ-૨૦૨૦) થી જ નાગરિકોને નજીકના આયુષ સારવાર કેન્દ્રોની માહિતી ૅજઃ// ૃએજર.ક્ષ્દ્વૃૅિં.ર્ક્ષ્ટ્ઠ.હ પર ઉપલબ્ધ કરાવેલ છે જેમાં જે તે આયુષ ડૉ.ના વ્યક્તિગત મોબાઈલ નં.ની માહિતી પણ ઉપલબ્ધ કરાવેલ છે અને જેનો ગુજરાતના નાગરિકો લાભ લઈ રહ્યા છે.

વાવાઝોડા અને વરસાદમાં ગટરના મેઈનહોલમાં ભંગાણ : ટીમ કામે લાગી

સેકટરોમાં મેઇનહોલમાં ભંગાણ રીપેર કરવા તેમજ ચેમ્બરના નવા ઢાંકણો લગાવવા સહીત વરસાદી દિવસો પુર્વે લાઇનની સફાઇ માટે તંત્ર કામે લાગ્યુ

ગાંધીનગર તા ૨૨

સેકટરોમાં વાવાઝોડા અને વરસાદ બાદ ગટર લાઈનના મેઈનહોલમાં પણ ગાબડા પડયા છે. આ ગાબડા પુરવા માટે તંત્રની ટીમ કામે લાગી છે. હાલ સે-૧ માં પણ ત્રણથી વધુ જગ્યાએ મેઈનહોલમાં ભંગાણ થયુ છે. જેનુ રીપેરીંગ હાથ ધરાયુ છે. આ ઉપરાંત અન્ય સેકટરોમાં પણ લાઈનની ચેમ્બરના નવા ઢાંકણો લગાવવા માટે તેમજ વરસાદી દિવસોને અનુલક્ષી લાઈન સફાઈ માટે કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં વરસાદી વાવાઝોડા વચ્ચે અનેક ઠેકાણે દુવિધાઓ મંડરાઈ છે. સેકટરવાસીઓ હાલ ગંદકી અને ગાબડા વચ્ચે જોખમી સ્થિતિઓનો સામનો કરી રહ્યા છે. સેકટરોમાં સફાઈના અભાવે ઠેર ઠેર કચરાના ઢગ જામ્યા છે. બીજીતરફ વરસાદના લીધે અનેક ઠેકાણે માર્ગો પર મોટામસ ગાબડા હજુ પુરાયા નથી જયાર સેકટરોમાં વરસતા વરસાદ વચ્ચે ગટર લાઈનના મેઈન હોલમાં પણ ભંગાણ થતા ઘણાં ઠેકાણે ગટરના દુષિત પાણી ઉભરાતા હોવાની સમસ્યા સર્જાઈ છે. સે-૧ માં ત્રણથી વધુ જગ્યાએ

મેઈનહોલમાં ગાબડા પડ્યા છે. ત્યાર તંત્રની ટીમ મેઈનહોલના રીપેરીંગ માટે કામે લાગી છે. બીજીતરફ નગરના માર્ગો પર સ્થિત ચેમ્બરનો ઢાંકણો પણ તુટી જતા નવી જાળી મુકવાની કામીગીરી પણ હાથ ધરવામાં આવી છે. વરસાદી દિવસો નજીકમાં છે. ત્યારે વરસાદી પાણીના નિકાલના અભાવે કોઈ સમસ્યા ન સર્જાય તે માટે લાઈનની સફાઈ પણ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત સે-૬ સહીત અનેક ઠેકાણે જુની લાઈન દબાઈ જતા ગટરની સમસ્યા ઉદભવી છે. ત્યારે ગટર લાઈનને યોગ્ય કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ ટુંકમાં જ ગટર લાઈનને અનુલક્ષી સમગ્ર શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે નવી લાઈન નાંખવા માટે કામ શરૂ કરવામાં આવશે. દાયકાઓ જુની લાઈન બદલીને નવી લાઈન નાંખવામાં આવશે. જુના ડાયામીટરની લાઈન બદલીને નવા ડાયામીટરની લાઈન નાંખવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. સેકટરની વસતી અને વિકાસ મુજબ જુની લાઈન પર્યાપ્ત નથી જેના લીધે સેકટરોમા હાલ ગટરની સમસ્યા વધુ જટીલ બની છે. ત્યારે વરસાદી દિવસો પુર્વે ફરિયાદોના નિરાકરણ માટે ટીમ કામે લાગી છે.

સેકટર-૨૪ આદર્શનગરના બંધ મકાનમાંથી રૂ.૩.૮૩ લાખની ચોરી

ગાંધીનગર,તા.૨૨

શહેરના ભરચક વિસ્તાર સેકટર-૨૪ માં રૂ.૩.૮૩ લાખની ચોરીની ઘટના બનવા પામી છે. સસરાના મૃત્યુ પ્રસંગે પરિવારના સભ્યો નડીયાદ ગયા હતા. તે સમયે મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશેલા ચોર શખ્સોએ તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડા રૂપીયા મળી કુલ રૂ.૩.૮૩ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૪ મ.નં.૫૮૫ ખાતે રહેતા ધર્મેન્દ્રભાઈ ધીરજભાઈ પરમાર પોતાના પરિવાર સાથે રહે છે. ધર્મેન્દ્રભાઈ સેકટર-૨૮ ખાતે આવેલ જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. ધર્મેન્દ્રભાઈ ગત તા.૨૦ ના રોજ પરિવારના સભ્યો સાથે નડીયાદ પોતાના સસરાના મૃત્યુ પ્રસંગે ગયા હતા. ત્યારે બપોરે ૧૨.૩૦ વાગ્યાના અરસામાં જીગ્નેશભાઈ અમરીશભાઈ પરમારે તેમને કોલ કર્યો હતો અને જણાવ્યું હતું કે તમારા ઘરનો આગળના દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં છે. જેથી ધર્મેન્દ્રભાઈ નડીયાદથી તાત્કાલીક ગાંધીનગર આવી પહોંચ્યા હતા.તેઓએ જોયું તો ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો અને ચોર ઈસમોએ અંદર પ્રવેશ કરીને ઘરમાં રહેલી તિજોરીનો દરવાજો તોડીને સામાન વેર-વિખેર કરીને અંદર રહેલ સોનાનો સેટ, સોનાની ચેઈન, સોનાની નાનીવીટી,સોનાની બુટ્ટી, સોનાની ડોડી, સોનાની બુટ્ટી, ડાયમંડની બુટ્ટી, ચાંદીનો ઝુડો,પગની પાયલ અને રોકડા રૂ.૧૭ હજાર મળીને કુલ રૂ.૩.૮૩હજારની મત્તાની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા માટે તજવીજ શરુ કરી છે.

આગામી ૨૯ જુનથી રાજયમાં નિયમિત ચોમાસુ શરૂ થશે : અંબાલાલ પટેલ

સૌરાષ્ટ્રના દક્ષિણ છેડે તા ૧૪,૧૫ જુનના રોજ વરસાદ થશે : આગામી ચોમાસુ ખેડુતો માટે સાનુકુળ રહેશે : ૯૮ થી ૧૦૧ ટકા વરસાદ થવાની સંભાવના

ગાંધીનગર તા ૨૨

આગામી ચોમાસુ તા ૨૬ થી ૨૭ મેં આસપાસ કેરળકાંઠે પહોંચવાની શક્યતા છે. જયારે વાવાઝોડુ યાસ વધુ મજબુત થઈને વરસશે તો શરૂઆતના ચોમાસા પર અસર થવાની સંભાવના છે. સૌરાષ્ટ્રના દક્ષિણ છેડે તા ૧૪ જુનની આસપાસ હળવા વાવાઝોડા સાથે વરસાદ થવાની સંભાવના છે. જયારે નિયમિત ચોમાસુ તા ૨૯ જુનથી ૫ જુલાઈ વચ્ચે શરૂ થશે. આ વર્ષે ખેડુતોને સાનુકુળ વરસાદ થવાની પ્રબળ સંભાવના હોવાનુ પણ જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે જણાંવ્યુ છે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ દક્ષિણ પશ્ચિમ મોનસુન આગામી દિવસોમાં સમય પહેલા દસ્તક દે તેવી શક્યતા છે. અરબ સાગરનો ભેજ અન બંગાળના ઉપસાગરમાં થતી હલચલના લીધે દક્ષિણ પશ્ચિમ મોનસુન કેરળકાંઠે ૨૬ થી ૨૭ મેં આસપાસ પહોંચવાની શકયતા છે. જો વાવાઝોડુ યાસ વધુ મજબુત થઈને વરસાદ કરશે તો શરૂઆતના ચોમાસા પર તેની અસર થશે. જયારે જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમ્બર અને ઓકટોબરમાં સારો વરસાદ થશે. પાછોતરો વરસાદ પણ થશે. ચોમાસુ ૯૮ થી ૧૦૧ ટકા રહેવાની સંભાવના છે. સૌરાષ્ટ્રના દક્ષિણ છેડે તા ૧૪,૧૫ અને જુનના રોજ હળવા વાવાઝોડા સાથે વરસાદ થવાની સંભાવના છે.

ગુજરાતમાં પુર્વે જુનમાં વરસાદ તો થશે પરંતુ છુટાછવાયા ભાગોમાં થશે. નિયમિત ચોમાસુ તા ૨૯ જુનથી તા ૫ જુલાઈ વચ્ચે ગુજરાતના ઘણા ભાગોને આવરી લેશે. તા ૧૨ જુલાઈ સુધીમાં ઉત્તર અને મધ્યગુજરાત તેમજ કચ્છમાં પણ વરસાદની સંભાવના છે. જયારે આ વખતે ચોમાસુ ખેડુતો માટે સારુ રહેવાની પ્રબળ સંભાવના છે તેમ પણ તેમણે જણાંવ્યુ છે. તાઉ તે વાવાઝોડાના વિનાશક આગમન બાદ મોસમના બદલાવ પર દરેકની નજર છે. ચોમાસુ પણ નજીકમાં છે. ત્યારે વરસાદની મોસમ ગુજરાત માટ કેવી રહેશે તે અંગે પણ સતત ખેડુતો ચિંતા કરી રહ્યા છે. જો કે આગામી ચોમાસા દરમિયાન પુરતો વરસાદ થશે જયારે ખેડુતો માટે ચોમાસુ સાનુકુળ રહેશે.

જિલ્લામાં નવા ૮૨ કેસ : ૧૮૮ ડિસ્ચાર્જ

ગાંધીનગરમાં ૧૦, દહેગામમાં ૧૩, કલોલમાં ૮ અને માણસામાં ૧૩ કેસ નોંધાયા : શહેરમાં સે. ૭, કુડાસણ, સરગાસણમાં ૫-૫, સે. ૨૨ માં ૩, કોલવડા, રાયસણ, સે. ૫, ૨૧, ૨૮, ૩૦ માં ૨-૨ કેસ નોંધાયા : ૩ બાળક ૧૦ વર્ષથી નાના કોરોનામાં સપડાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જિલ્લામાં આજે ૮૨ કેસ નવા નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૪૪ અને ગાંધીનગર શહેરમાં ૩૮ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટવાની સાથે રિકવરી રેટમાં પણ ઝડપથી સુધારો થઈ રહ્યો છે. જિલ્લામાં રિકવરી રેટ ૮૪ ટકાની આસપાસ પહોંચ્યો છે. જિલ્લામાં આજે ૧૮૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૩, ગાંધીનગરમાં ૧૦, કલોલમાં ૮ અને માણસામાં ૧૩ કેસનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં ૪ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૯ મહિલા દર્દી, ૧૦ ખેડૂત, ૪ વિદ્યાર્થી, ૪ કર્મયોગી તેમજ ખાનગી નોકરીયાતોનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં યુવા વર્ગ વધુ સંક્રમિત થઈ રહ્યો હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. આજે નોંધાયેલા કેસોમાં મોટી ભોંયણમાં ૩ વર્ષનું બાળક અને દહેગામ અર્બનમાં ૬ વર્ષનું બાળક સંક્રમિત થયેલુ જણાયુ છે.

દહેગામ તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાં આજે દહેગામ અર્બન, દેવ. મુવાડા, લાલુજીની મુવાડી, બારડોલી કોઠી, કડુજીના મુવાડા, ચિસકારી, ધારીસણા, પાટનાકુવા, રખિયાલ, સાંપા, નાંદોલ, સાણોદા, વડવાસામાંથી કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે વધુ ૧૦ કેસ મળી આવેલ છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વાસણ અને મગોડી ગામેથી ૨-૨ કેસ તેમજ ગીયોડ, મોટા ચિલોડા, રૂપાલ, પીપલજ, જમિયતપુરા, વીરાતલાવડી ગામેથી પણ કેસો મળી આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે ૮ કેસ મળી આવેલ છે. કલોલ અર્બનમાંથી ૨ અને મોટી ભોંયણમાંથી ૩ કેસ મળી આવેલ છે. મોટી ભોંયણ ગામેથી ૩ વર્ષનું બાળક પણ કોરોનામાં સપડાયુ છે. તાલુકાના જાસપુર, ખાત્રજ, ધમાસણા ગામેથી પણ કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે વધુ ૧૩ કેસ નોંધાયા છે. માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર મહુડી, અલુવા, દેલવાડામાંથી ૨-૨ કેસ તેમજ સમૌ, વિહાર, કુવાદરા, માણસા અર્બન, બાલવા, લિંબોદરા, મંડાલી ગામેથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૦૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૯૦૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૩૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૮૩૨ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૩૮ કેસ નોંધાયા છે. ગઈકાલની તુલનામાં આજે શહેરમાં સેકટરોમાં કેસ વધ્યા છે. સેકટરોમાં આજે ૨૧ કેસ નોંધાયા છે તો શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં ૧૭ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૦ મહિલા દર્દી, પાંચ દર્દી ૬૦ થી વધુ વયના તેમજ ૩ દર્દી ૧૦ થી ૨૦ વર્ષની વયના છે અને સે. ૭ માંથી પાંચ વર્ષનું એક બાળક સંક્રમિત થયેલુ મળી આવેલ છે.

કોરોના માટે હોટસ્પોટ બનેલ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. પરિવારો સંક્રમિત થઈ રહ્યા છે તેમજ બીજી લ્હેરમાં મહિલા દર્દીઓ પ્રમાણમાં વધુ મળતાં તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૭ માંથી ૫, સે. ૨૨ માંથી ૩, સે. ૫, ૨૧, ૨૮, ૩૦ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૨, ૪, ૬, ૯, ૧૪ માંથી પણ કેસો મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી આજે કુડાસણ, સરગાસણમાંથી ૫-૫ કેસ, કોલવડા-રાયસણમાંથી ૨-૨ કેસ તેમજ સુઘડ, રાંદેસણ અને પાલજ ગામેથી પણ કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે ૭૫૦ જેટલા એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ સઘન કરવાની સૂચનાઓ આપી છે.

શહેરમાં રિકવરી રેટ સારો હાવોનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૮૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

વેક્સિનેશનની ધીમી કામગીરી અને સ્લોટ માટે પોર્ટલ ગણત્રીની મિનિટોમાં બંધ થતાં ભારે ચર્ચા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં કોવિડ સામે રક્ષણ આપતા વેક્સિનેશન અભિયાનની ધીમી ગતિએ લોકજીભે ચર્ચાનું સ્થાન લીધુ છે.

જિલ્લામાં કોવિડ વેક્સિનેશન માટે ૩૦ સેન્ટરોને હાલ મંજૂરી અપાઈ છે. જેમાં ૨૫ કેન્દ્રો ગ્રામ્ય વિસ્તારમાં છે અને પાંચ કેન્દ્રો ગાંધીનગર શહેરમાં મંજૂર થયેલા છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વેક્સિનેશનની કામગીરી ધીમી ગતિએ ચાલી રહી છે. રસીનો જથ્થો પુરતા પ્રમાણમાં કેન્દ્રો પર ફાળવવામાં આવતો નહિ હોવાની વાતો પણ લોકજીભે ચર્ચામાં છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૫ કેન્દ્રો પર માત્ર ૧૪૧૪ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધુ થયુ હોવાથી તેમજ વેક્સિનેશન અભિયાનને રિ શિડ્યુલ્ડ કરાયુ હોવાથી ગતિ ધીમી પડી હોવાનો આડકતરો એકરાર તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

ચાર દિવસ બાદ જિલ્લામાં શરૂ થયેલ અભિયાનમાં હજુ સુધીમાં ૨૮૦૦ થી પણ ઓછા લોકોને આવરી લેવામાં આવ્યા હોવાથી ગ્રામીણ વિસ્તારમાં લોકોમાં ચણભણાટ થતો સંભળવા મળી રહ્યો છે. દરમ્યાન શહેરમાં આજે ૧૯૨૩ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા. જેમાં ૧૮+ ના ૧૯૨૩ યુવાનોને અને ૪૫+ ના ૪૯૨ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

૧૮+ યુવાઓમાં વેક્સિનેશન માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે પરંતુ રસીકરણ માટેનો સ્લોટ મળતો નથી. કોવિન પોર્ટલ પણ ખુલ્યા પછી ગણત્રીની મિનિટોમાં જ બંધ થઈ જાય છે આથી યુવા વર્ગમાં પણ ગણગણાટ શરૂ થયો છે.

વેક્સિનનો જથ્થો જિલ્લાને પુરતા પ્રમાણમાં અને જરૂરિયાત મુજબનો મળતો ન હોવાથી લોકોમાં આ અંગે ગણગણાટ વધી રહ્યો છે. આગામી માસથી જથ્થાનું પ્રમાણ વધશે અને કામગીરીમાં વેગ આવશે તેમ તંત્રના સૂત્રો માની રહ્યા છે.

ટેલિફોનિક બેસણું

અમારા પરમ પૂજ્ય માતૃશ્રી **શાન્તાબેન ગંગારામ પરમાર** (ગામ - સરઢવ, હાલ-ગાંધીનગર) તા. ૧૫/૫/૨૦૨૧ના રોજ સ્વર્ગવાસી થયેલ છે.

(નોંધ : સદ્દગતનું બેસણું તથા લૌકિક ક્રિયાઓ બંધ રાખેલ છે.)

સરનામું : બ્લોક નં. ૬૬/૨, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩, ગાંધીનગર

ટેલિફોનિક બેસણું તા. ૨૫/૫/૨૦૨૧, મંગળવાર

નિલયકુમાર ગંગારામ એન્જીનીયર (પુત્ર)	સ્વ. હિમતલાલ ગંગારામ પરમાર (પુત્ર)
કુમુદબેન નિલયકુમાર એન્જીનીયર (પુત્રવધુ)	નીરૂપાબેન બિપિનકુમાર મકવાણા (પુત્રી)
ગ્રીષ્મા નિલયકુમાર એન્જીનીયર (પૌત્રી)	બિપિનકુમાર મકવાણા (જમાઈ)
સ્વ. રાજકુમાર નિલયકુમાર એન્જીનીયર (પૌત્ર)	નિખિલકુમાર બાડેવાલે (જમાઈ)
ફ્લોરા નિલયકુમાર એન્જીનીયર (પૌત્રી)	બાન્ધવ, ભવ્ય (ભાણેજ)

ફોન નં. ૭૮૭૪૪૧૧૧૭૪, ૭૫૬૭૩૨૨૩૧૧, ૯૯૭૯૭ ૭૦૪૬૬

ફ્લેટ વેચવાનો છે

રાયસણમાં PDPUથી નજીક ૪૭૦ વારનો ફ્લેટ વેચવાનો છે.

મો. ૯૮૯૮૨૪૯૩૫૯

મો. ૯૫૫૮૭૮૮૭૫૫

લાઈફસ્ટાઈલ તંદુરસ્ત હશે અને ફિઝિકલી ફિટ રહેશો તો

કોરોના પણ તમારા હૃદયનું કંઈ નહીં બગાડી શકે

ગાંધીનગરના યુવાન ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડો. બોની ગજ્જર સાથે ગુફ્તેગો

ગાંધીનગર, તા. ૨૨

"જો તમારી લાઈફ સ્ટાઈલ તંદુરસ્ત હશે... તમે હંમેશા તનાવમુક્ત રહેતા હશો... સ્મોકિંગ કે આલ્કોહોલની આદત નહિ હોય... તમે મેદસ્વી નથી, ફિટ છો... તમારી ખાનપાનની આદતો સ્વાસ્થ્યપ્રદ છે... અને તમે નિયમિત કસરત કે વૉકિંગ કરો છો તો કોરોના તમારા હૃદયનું કંઈ જ નહીં બગાડી શકે. પણ જો તમે આથી વિપરીત જીવન જીવો છો તો કોરોના તમારા હૃદયને નુકસાન પહોંચાડી શકે છે." ગાંધીનગરના યુવાન ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડૉ. બૉની ગજ્જરના આ શબ્દો છે.

કોરોનાની સારવાર પછી, સાજા થઈ ગયા પછી પણ દર્દીઓમાં હૃદય સંબંધી સમસ્યાઓ જોવા મળી રહી છે. કોરોનાની સારવાર ચાલુ હોય તે દરમિયાન દર્દીને હાર્ટ એટેક આવ્યો હોય એવા પણ ઘણા કિસ્સા સામે આવ્યા છે. આવું કેમ થાય છે ? કોરોનાના દર્દીએ શું કાળજી રાખવી જોઈએ ? લોકોને પજવતા આવા પ્રશ્નોના જવાબ આપતાં ડૉ. બૉની ગજ્જર કહે છે, "કોરોના ફેફસામાં અને શરીરના અન્ય અવયવોમાં સોજો કરે છે. સાથોસાથ લોહીને વધુ ઘટ્ટ બનાવે છે. ઘણા કિસ્સાઓમાં તો લોહીમાં ગઠ્ઠા પણ જામી જાય છે. લોહીમાં સર્જાયેલા આ ગઠ્ઠા રક્તવાહિનીઓ મારફતે શરીરના જે અંગોમાં પહોંચે છે ત્યાં નુકસાન પહોંચાડે છે. લોહીના ગઠ્ઠા કિડનીમાં પહોંચે તો કિડનીને નુકસાન કરે છે, પગની નસોને લક્ષ્ય બનાવે છે, ક્યારેક મગજને નુકસાન પહોંચાડે છે, હૃદયમાં પહોંચે તો હાર્ટ એટેક આવે છે. ડાયાબિટીઝના દર્દીઓને કોરોના થાય તો આવી સંભાવના વધી જાય છે. એટલું જ નહીં આ કારણોસર જ ૩૦ કે ૪૦ વર્ષની વ્યક્તિને કોરોના દરમિયાન કે કોરોના પછી હાર્ટ એટેક આવ્યાના સમાચારો આપણે સાંભળીએ છીએ."

ગુજરાતના જાણીતા હૃદયરોગ નિષ્ણાત પદ્મશ્રી ડૉ. તેજસ પટેલના માર્ગદર્શનમાં તેમની એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટમાં જુનિયર કન્સલ્ટન્ટ તરીકે સેવાઓ આપી રહેલા ગાંધીનગરના ડૉ. બૉની ગજ્જર કહે છે, "કોરોનાની સારવારમાં અપાતા સ્ટિરોઈડથી દર્દીનું ડાયાબિટીસ બેકાબૂ થઈ જાય છે. એટલું જ નહીં, કોરોનામાં ડિ-ડાઈમર પણ વધી જાય છે. ડિ-ડાઈમર એ લોહીની ઘટ્ટતાનું પ્રમાણ છે. ડિ-ડાઈમર વધુ હોય તો ડૉક્ટરો લોહી પાતળું કરવાની દવાઓ આપતા જ હોય છે. ડૉક્ટરોની સલાહ પ્રમાણે દર્દીઓએ ઈકોસ્પ્રિન જેવી લોહી પાતળું કરવાની દવાઓ ત્રણ મહિના સુધી લેવી જોઈએ."

કોરોનામાંથી સાજા થઈ ગયેલા દર્દીઓએ એકાદ મહિના પછી પોતાના હૃદયનું ચેકઅપ કરાવી લેવું જોઈએ. ડૉ. બૉની ગજ્જર કહે છે, "કોરોનામુક્ત થયેલા લોકોએ મહિના પછી ઈ.સી.જી. અને ઈકો-કાર્ડિયો કરાવી લેવા જોઈએ. એટલું જ નહીં કોરોનાની સારવાર પછી સાજા થયેલા દર્દીઓ હોય કે કોરોના ન થયો હોય એવા દરેક લોકોએ હૃદયને તંદુરસ્ત રાખવું હશે તો લાઈફસ્ટાઈલ સુધારવી જ પડશે. સ્ટ્રેસ-ફ્રી જીવન



જીવવાની કળા શીખવી પડશે. સ્મોકિંગ અને આલ્કોહોલ છોડવા જ પડશે. ખાન-પાનની આદતો બદલવી પડશે અને ફિટ રહેવું જ પડશે."

ગાંધીનગરના સેક્ટર-૧૬ માં શ્રદ્ધાદીપ ક્લિનિક એન્ડ ડાયગ્નોસ્ટિક સેન્ટર નામે તાજેતરમાં પ્રેક્ટિસ શરૂ કરનાર ડૉ. બૉની ગજ્જરે ગાંધીનગરની પ્રતિષ્ઠિત શ્રદ્ધાદીપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરીના સંચાલક મહેન્દ્રભાઈ ગજ્જરના પુત્ર છે. તેઓ એમ.ડી. (ફિઝિશિયન) અને ડી.એમ. (ડૉક્ટર ઑફ મેડિસિન) છે. ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડૉ. બૉની ગજ્જરે ગાંધીનગરમાં વિવિધ કાર્ડિયો (હૃદયની સોનોગ્રાફી) માટે વિવિડ-જી.ઈ. અને હૃદયના ઈ.સી.જી. માટે મેક-૨૦૦૦ જેવા ૧૨ ચેનલ લીડ ધરાવતા અદ્યતન સાધનો સાથે દર્દીઓની સારવાર શરૂ કરી છે. એટલું જ નહીં, ટીએમટી ટેસ્ટની સુવિધા પણ અહીં છે.

આપણે ઈચ્છીએ કે સૌનાં હૃદય સલામત અને તંદુરસ્ત રહે પણ જરૂર પડે તો આવી અદ્યતન સેવાઓ ગાંધીનગરમાં-ઘર આંગણે જ ઉપલબ્ધ છે. હૃદયરોગની સારવારને લગતી વિશેષ વિગતો માટે ડૉ. બૉની ગજ્જરનો સંપર્ક નંબર-૮૯૮૦૦ ૦૯૪૯૯ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com